કાયદા વિભાગની ગાડી એમ્બેસેડર (પેટ્રોલ+સી.એન.જી ) નં.-જીજે-૧૮-જી-૨૨૮૨ની હરાજીની શરતો:

૧. વિભાગની ગાડી એમ્બેસેડર (પેટ્રોલ+સી.એન.જી) નં.-જીજે-૧૮-જી-૨૨૮૨, ૨૦૦૮નું મોડેલ છે.

૨. આ વાહનની તળિયાની કિંમત ₹ ૩૨,૦૦૦/- નક્કી કરવામાં આવેલ છે.

૩. આ વાહનનો જાહેર હરાજીથી નિકાલ કરવાનો હોઇ ₹ ૫૦૦૦/- ડીપોઝીટ તરીકે, રસ ધરાવતાં ઇસમોએ તા. ૧૮/૧૨/૨૦૧૮ના બપોરના ૧૩=૦૦ કલાક સુધીમાં કાયદા વિભાગની રોકડ શાખામાં રોકડથી ભરવાની રહેશે અને હરાજી સમયે વિભાગની રોકડ શાખા દ્વારા આપવામાં આવેલ ટોકન તથા આધાર કાર્ડની 'ફોટોકોપી' રજૂ કરવાની રહેશે

૪.વાહનની હરાજી શરૂ થયે દરેક તબક્કે ₹ ૧૦૦૦/- ના વધારા કરતાં ઓછી બોલી સ્વીકારવામાં આવશે નહીં.

૫. જાહેર હરાજી બાદ તેઓએ તુર્ત જ સ્થળ ઉપર ૨૫ ટકા રકમ હરાજીના દિવસે જમા કરાવવાની રહેશે. બાકીની રકમ હરાજી મંજૂર થયેથી દિન-૭ માં ભરવાની રહેશે. સદર રકમ સમય મર્યાદામાં ભરપાઇ ન થયે ડીપોઝીટ સહિત ભરેલ તમામ રકમ જપ્ત કરવામાં આવશે.

૬. જે પાર્ટી/વ્યક્તિનાં ભાવ સ્વીકારવા પાત્ર બનેલ ન હોઇ, તેઓએ ડીપોઝીટની રકમ તુરત જ પરત મેળવી લેવાની રહેશે.

૭. જે રકમની ઓફર મંજૂર થાય તેમણે હુકમની તારીખથી દિન-૭ માં વાહન જે સ્થિતિમાં હશે તે જ સ્થિતિમાં જે તે સ્થળેથી તેમના ખર્ચે અને જોખમે લઇ જવાનું રહેશે.

૮. જેની ઓફર મંજૂર થાય તે વાહન વેચાણ રાખનારે તેમણે ભરેલ ભાવો ઉપરાંત વેચાણવેરાના નિયમ મુજબ વેચાણવેરાની રકમ અલગ ભરવાની રહેશે.

૯. હરાજીમાં આવેલ છેવટની બોલી મંજૂર કરવી/ ન કરવી તે અંગેનો છેવટનો નિર્ણય વિભાગ દ્વારા વાહનને હરાજી થી નિકાલ કરવા માટે રચવામાં આવેલ સમિતિનો રહેશે.

(જી.એમ.કટારા)
સેક્શન અધિકારી
કાયદા વિભાગ